# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫૭ તા. ૧૯-૮-૧૬

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

આથી મ્યુનિ. શાળાના ગુજરાતી માધ્યમના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે આ સાથે સામેલ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીના તા.૧૬-૮-૧૬નાં પત્રમાં જણાવ્યા મુજબ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી ઓનલાઈન આંતરિક બદલી થનાર કોઈ શિક્ષક / વિદ્યાસહાયકને પ્રા.શિક્ષણ નિયામકશ્રીની કચેરીએથી બીજી સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી છુટા ન કરવા જણાવવામાં આવે છે. જેની નોંધ લઈ મુખ્ય શિક્ષકશ્રીઓએ બીનચૂક કાર્યવાહી કરવાની રહેશે.

તા.૧૯-૮-૧૬

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

ઇમેલ/તાત્કાલિક

ક્રમાંકઃપ્રાશિનિ/નીતિ/૨૦૧૬/બદલી/ક/૫૮૫૮૮૦૭
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં-૧૨/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૧૬/૦૮/૨૦૧૬

પ્રતિ,
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,
  જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ
- શાસનાધિકારીશ્રી,
  નગર શિક્ષણ સમિતિ, અમદાવાદ, વડોદરા, સુરત રાજકોટ, ભાવનગર, જામનગર

વિષયઃ- જિલ્લાની આંતરીક બદલીઓ કોમ્પ્યુટરાઈઝ સિસ્ટમથી કરવા બાબત.
સંદર્ભઃ- સી.એ.(ફોર ઇન્ટરીમ રીલીફ) નં.૭૬૩૮/૨૦૧૬ માં નામ.હાઇકોર્ટનો તા.૧૦/૦૮/૨૦૧૬ ઓરલ ઓર્ડર

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સી.એ.(ફોર ઇન્ટરીમ રીલીફ) નં.૭૬૩૮/૨૦૧૬ મકવાણા પ્રભાબેન નરસિંહભાઇ અને અન્ય વિરૂધ્ધ ગુજરાત સરકાર અને અન્યના કેસમાં નામ.હાઇકોર્ટના તા.૧૦-૮-૨૦૧૬ ના ઓરલ ઓર્ડર મુજબ આ પીટીશન અંગે નામ.હાઇકોર્ટ દ્વારા બીજા હુકમો કરવામાં ન આવે ત્યાં સુધી બદલી હુકમ હેઠળના શિક્ષકોને છુટા નહી કરવા આદેશ કરેલ હોવાથી આ કચેરીના તા.૫-૮-૨૦૧૬ ના પરિપત્રથી ઓનલાઇન બદલી કાર્યક્રમ અંગે આપવામાં આવેલ સુચનાઓના અનુસંધાને અત્રેથી બીજી સુચના આપવામાં ન આવે ત્યાં સુધી ઓનલાઇન આંતરિક બદલી થનાર કોઇ શિક્ષક/વિધાસહાયકને છુટા ન કરવા જણાવવામાં આવે છે. આ અંગેની સુચનાઓ આપના તાબા હેઠળના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા મુખ્ય શિક્ષકોને આપની કક્ષાએથી તાત્કાલિક આપવા જણાવવામાં આવે છે.

(એમ.કે.રાવલ)
નાયબ શિક્ષણ નિયામક
ગુ. રા. ગાંધીનગર